bluebytes
news that matters

દિવ્ય ભાસ્કર

Thursday, April 22, 2010

**Smoking causes many type of cancers in women**

Publication: Divya Bhaskar, Edition: Mumbai, Journalist: Bureau, Page No: 3, Location: Middle-Center, Width(cms): 16, Height(cms): 12, Size(sq.cms): 192

# સ્ત્રીઓને પેસિવ સ્મોકિંગથી ગંભીર જોખમ

ભાસ્કર ન્યૂઝ, મુંબઈ

૯૦ ટકા મુંબઈગરા ધૂમ્રપાન મુક્ત વાતાવરણ(હિલિસ સખસેરિયા ઈન્સ્ટિટયૂટ ફોર પબ્લિક હેલ્થના તાજેતરના સર્વેક્ષણ- અનુસાર)ની હિમાયત કરે છે ત્યારે સ્ત્રીઓને પેસિવ સ્મોકિંગથી ગંભીર જોખમ છે એ ધ્યાનમાં લેતાં આવી મોટે ભાગે ધૂમ્રપાન ન કરતી હોય તેવી સ્ત્રીઓના લાભાર્થે જાહેર સ્થળે ધૂમ્રપાન પર બંધીનું વિભાગીકરણ એ ચિંતન કરવાજોગ કારણ બની ગયું છે, એમ નિષ્ણાતોનું કહેવું છે.

અમેરિકન હાર્ટ એસોસિયેશન્સ સર્ક્યુલેશનમાં પ્રકાશિત અધ્યયનમાં એવું તારણ નીકયું છે કે સેકંડહેન્ડ સ્મોક (એસએચએસ- ધૂમ્રપાન કરનારની આસપાસના ધૂમ લેવાની ફરજ પડતા લોકો)ની ધૂમ્રપાન ન કરનારી ચીની સ્ત્રીઓના આરોગ્ય પર ચિંતાજનક નકારાત્મક અસર જોવા મળી હતી, જે જોખમ નિઃશંકપણે ભારતીય સ્ત્રીઓને પણ લાગુ થાય છે.



એસએચએસનો સામનો કરતી ચીની સ્ત્રીને કોરોનરી હાર્ટ ડિસીઝ, સ્ટ્રોક અને પેરિફેરલ આર્ટરિયલ ડિસીઝ (પીએડી)નું વધુ જોખમ હોવાનું જોવા મળ્યું છે. પીએડી સાથે એસએચએસ એકસપોઝરની કડીનું આ પ્રથમ જ્ઞાત વૈજ્ઞાનિક અધ્યયન છે. સ્ત્રીઓને ઘરમાં અને નોકરીમાં એસએચએસ એકસપોઝર વિશે પુછાયું હતું અને બ્લડ પ્રેશર માપન તથા હોસ્પિટલના રેકોર્ડ્સ થકી તેમના કાર્ડિયોવેસ્કયુલર આરોગ્યનું આકલન કરાયું હતું.

ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડિપાર્ટમેન્ટ ઓફ પ્રિવેન્ટિવ ઓન્કોલોજીના વડા ડૉ. સુરેન્દ્ર શાસ્ત્રીએ જણાવ્યું હતું કે જાહેરમાં અને નોકરીના સ્થળે તમાકુના એકસપોઝરથી લોકોને અસરકારક રીતે સુરક્ષિત રાખવા હોય તો બધાં ઈનડોર નોકરીનાં સ્થળો અને જાહેર સ્થળોને ૧૦૦ ટકા ધૂમ્રપાન મુક્ત બનાવતો કાયદો અમલમાં લાવવો જોઈએ. ધૂમ્રપાન મુક્ત વાતાવરણ ધૂમ્રપાન ન કરનારાની સુરક્ષા કરવાનું લક્ષ્ય સાધે છે અને ધૂમ્રપાન મુક્ત વાતાવરણ ધૂમ્રપાન ન કરનારાની સુરક્ષા કરવાનું લક્ષ્ય સાધે છે. આનાથી ધૂમ્રપાન કરવાનું પ્રમાણ ઘટશે અને ધૂમ્રપાન છોડી દેવાના કિસ્સા પણ વધશે. જો નોકરીના સ્થળે અને જાહેર સ્થળે ધૂમ્રપાન મુક્ત કાયદાનો અમલ થાય તો વધુ ને વધુ લોકો તેમનાં ઘરો પણ ધૂમ્રપાન મુક્ત રહે તેની કાળજી રાખશે.